**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા

# આજે સૌભાગ્યની પ્રાપ્તિ કરાવતું વ્રત કેવડાત્રીજ

## બહેનો આજે ઘરે જ મા પાર્વતીની પૂજા અર્ચના કરશે : શહેરમાં વિવિધ પ્રકારના પૂજાપા ઉપલબ્ધ



**નગરના પૂજાપાના વેપારીને ઘરાકી નજીકમાં જ છે. ગણેશચતુર્થી આવનાર છે અને આજે કેવડાત્રીજનું વ્રત છે જેમાં સંપૂર્ણ પૂજાપાની જરૂર પડે આથી નગરના પૂજાપાની દુકાનમાં નગરજનોની ભીડ જામી હતી.**

ગાંધીનગર, તા.૨૦

ભાદરવા મહિનાના શુકલ પક્ષ ત્રીજના દિવસે કેવડા ત્રીજનું વ્રત સૌભાગ્યવતી સ્ત્રીઓ દ્વારા કરવામાં આવે છે. આ દિવસે ત્રીજ હસ્તિ નક્ષત્ર યુકત હોય છે. આ દિવસે વ્રત કરવાથી બધા ફળોની પ્રાપ્તિ થાય છે. આ વ્રત ખાસ સ્ત્રીઓને સૌભાગ્ય આપવા અને તેમના સૌભાગ્યની રક્ષા કરનારું છે. આ દિવસે શંકર ભગવાન અને માતા પાર્વતીની પૂજાનું વિશેષ મહત્વ છે. સારા વરની પ્રાપ્તિ માટે અપરણિત કન્યાઓ પણ આ વ્રત રાખે છે. એવું માનવામાં આવે છે કે પાર્વતીજીએ શિવજીને મેળવવા આ વ્રત કર્યું હતું.

આ વર્ષે કોરોનાના કારણે નગરની સ્ત્રીઓ પોતપોતાના ઘરે જ કેવડાત્રીજ વ્રતની પૂજા કરશે. નગરમાં આ વ્રતમાં ચઢાવાતો શણગાર વેચાણમાં છે જેનો ભાવ ૫૦ રૂ. થી લઈ ૧૦૦ રૂ. છે. તેમાં સ્ત્રીઓનો શણગાર, કેવડો, તુલસી, મંજરી, જનોઈ સાથે અબીલ, ચંદન અને કંકુનો સમાવેશ થાય છે. આ સાથે પૂજામાં શ્રીફળ, ફળ-પાન તથા પંચામૃત માતાજીને ચઢાવાય છે. નગરની સ્ત્રીઓ આજે પોતપોતાના ઘરે જ શિવજી અને પાર્વતીજીની પૂજા કરી વાર્તા કરશે. ઉપરાંત આ દિવસે નકોરડો ઉપવાસ કરી વારંવાર કેવડો સુંઘી શિવજીનું સ્મરણ કરશે.



# શહેરમાં એક પછી એક પદયાત્રી સેવા કેમ્પના આયોજન રદ

ગાંધીનગર, તા.૨૦

કોરોના મહામારીએ સમગ્ર જનજીવન પર ઘેરી અસર પેદા કરી છે અને સામાજિક રીત રિવાજોથી માંડીને ધાર્મિક પ્રસંગોમાં પણ ખૂબ મોટા પરિવર્તન જોવા મળી રહ્યા છે. શહેરમાં હવે બેસણાં ટેલિફોનિક કે ઓનલાઈન યોજાવા લાગ્યા છે તો કલા સંગીત વગેરે કાર્યક્રમોથી માંડીને શિક્ષણ બધું ઓનલાઈન જ ચાલી રહ્યું છે. કોરોના સંક્રમણ ઓછું થવાનું નામ લેતું નથી અને દિન પ્રતિદિન કોવિડ-૧૯ પોઝિટિવ કેસની સંખ્યા વધતી જ જઈ રહી છે. આ સંજોગોમાં રાજય સરકાર દ્વારા જન્માષ્ટમીથી માંડીને મોહરમ, ગણેશ-ઉત્સવ, ભાદરવી પૂનમનો અંબાજીનો મેળો સહિત રાજયમાં યોજાતા ધાર્મિક મેળાવડા પર રોક લગાવી દીધી છે એટલે આ વર્ષે પગપાળા અંબાજી જતા પદયાત્રીઓ જોવા નહી મળે તે સ્પષ્ટ જણાઈ રહ્યું છે. આ પદયાત્રા કરતા શ્રધ્ધાળુને રસ્તામાં ચા-નાસ્તા, ખાવા-પીવા, સુવા ઓઢવા કે ન્હાવા-ધોવાની તમામ સેવા શહેરના સેવાભાવી કેમ્પો દ્વારા પુરી પાડવામાં આવતી હતી તેના આયોજનો પણ ખોરંભે ચઢયા છે.

શહેરમાં આ વર્ષે જય અંબે પરિવાર દ્વારા દાયકાથી ચાલી રહેલી પદયાત્રા કોરોનાને કારણે મુલત્વી રાખવાનો નિર્ણય જાહેર કર્યો છે તો બીજી તરફ શહેરમાં યોજાતા પદયાત્રી સેવા કેમ્પો પણ હવે એક પછી એક તેમના આયોજનો રદ કરવાની જાહેરાત કરી રહ્યા છે. ગાંધીનગરમાં ઉનાવા ખાતે વાસણિયા મહાદેવથી આગળ ટહુકો હોટલ પાસે દર વર્ષે યોજાતા જય અંબે સેવા કેન્દ્ર દ્વારા આ વર્ષે પદયાત્રી સેવા કેમ્પ બંધ રાખવાની જાહેરાત કરી છે. ગાંધીનગરમાં શહેરમાં પણ યોજાતા સેવા કેન્દ્રો દ્વારા આ વર્ષે કોરોના મહામારીને પગલે સેવા કેન્દ્રોના આયોજન રદ કરવામાં આવી રહ્યા છે. આ કારણે સેવા કેન્દ્રો સાથે સંકળાયેલા મંડપ, કેટરર્સ, કરિયાણા સહિત અનેક વ્યવસાયને પણ આર્થિક ફટકો પડશે.




ચોમાસાની ઋતુમાં જયારે નગરમાં પાણી ભરાવાની સાથે મચ્છરોનો ઉપદ્રવ પણ સામાન્ય રીતે વધી જતો હોય છે ત્યારે સેકટર-૫ના શોપીંગ સેન્ટરની પાછળ કચરાનો મોટો ઢગ દેખાઈ રહ્યો છે.

## ગાંધીનગર જિલ્લાની કલા સંસ્થા અને કલાકારો જોગ

ગાંધીનગર, તા.૨૦

ભારત સરકારના નેશનલ મિશન ઓન લાઈન કલ્ચરલ મેપિંગ અંતર્ગત કલાકારોના પ્રાથમિક ડેટાબેઝને પોર્ટલમાં તૈયાર કરવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લાની શાળા, કોલેજો, કલા સંસ્થાઓ, બિન સરકારી સંસ્થાઓ અને સાંસ્કૃતિક ગૃપના કલાકારો પોતાના નામ નોંધાવી શકે છે. આ પ્રાથમિક ડેટાબેઝમાં જે સંસ્થા, કોલેજો, કલાકારો નામ નોધાવવા ઈચ્છતા હોય તેમણે ફોર્મ ભરવાનું રહેશે. આ ફોર્મ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી-વીંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર- ૧૧ ખાતેથી કચેરીના સમય દરમ્યાન ફોર્મ મેળવી શકશે. ફોર્મ ભરીને તા. ૨૮મી ઓગષ્ટ, ૨૦૨૦ સુધીમાં મોકલી આપવાની રહેશે. સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારી તેજલ ચૌહાણે જણાવ્યું છે.

## પીએમ કેઅર્સ ફંડ અને મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧૧.૧૧ લાખનું દાન



કોરોના મહામારીનો ભરડો હજુ પણ દેશમાં ચોતરફથી ભીંસાઈ રહ્યો છે અને આ મહામારી સામે લડવા વડાપ્રધાને પીએમ કેએર્સ ફંડમાં દાન આપવા દેશના નાગિરકોને આહવાન કર્યુ હતું. આ આહવાનને પગલે દેશભરની સંસ્થાઓ તથા દાતાઓ દ્વારા દાનની સરવાણી વહાવવામાં આવી છે. આ સ્થિતિમાં ધી ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન દ્વારા વડાપ્રધાનના 'પીએમકેઅર્સ ફંડ' ઉપરાંત ગુજરાત રાજયના 'મુખ્યમંત્રી રાહત ફંડ'માં ૧૧.૧૧ લાખ રૂપિયાનું દાન આપવામાં આવ્યું છે. આ દાનની રકમનો ચેક રાજયના મુખ્યમંત્રીને જીએસસીએચએફના ચેરમેન તથા પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

# સોમવારે રાજયના ૩૪ પરીક્ષા કેન્દ્રો પરથી ૧.૨૭ લાખ ઉમેદવારો ગુજકેટની પરીક્ષા આપશે

## મંગળવારથી રાજયમાં ધો-૧૦ અને ધો-૧૨ની વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા લેવાશે : સોશ્યલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝર-માસ્ક સાથે પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે બોર્ડ દ્વારા તા. ૨૪-૮-૨૦૨૦ ના રોજ ગુજકેટ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. ગુજકેટ પરીક્ષા રાજયના જિલ્લા મથકે ૩૪ કેન્દ્રો પરથી લેવામાં આવનાર છે. જેમાં કુલ ૧,૩૭,૨૩૦ ઉમેદવારો નોંધાયેલા છે. આ પરીક્ષા ૬૨૧ પરીક્ષા બિલ્ડીંગોમાં ૬૪૩૧ પરીક્ષા ખંડોમાં પરીક્ષા યોજાશે.

ગુજકેટની પરીક્ષા પૂર્ણ થયા બાદ માર્ચ ૨૦૨૦માં ધો-૧૦ અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવનાર છે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા તા. ૨૫-૮-૨૦૨૦ થી તા. ૨૭-૮-૨૦૨૦ દરમિયાન યોજાનાર છે. આ પરીક્ષા રાજયના જિલ્લા મથકે ૩૪ કેન્દ્રો પરથી લેવામાં આવનાર છે. જેમાં ૨૩૮૩૦ ઉમેદવારો ઉપસ્થિત થનાર છે તે માટે રાજયના જિલ્લાના મુખ્ય મથકો પર કુલ ૧૧ પરીક્ષા સ્થળોનો ઉપયોગ થશે અને ૧૧૪૭ પરીક્ષાખંડોમાં પરીક્ષા યોજાશે.

ધો-૧૦ની પૂરક પરીક્ષા તા. ૨૫-૮-૨૦૨૦ થી તા. ૨-૮-૨૦૨૦ સુધી રાજયના જિલ્લા મથકે ૩૮ કેન્દ્રો પરથી લેવામાં આવનાર છે તે પરીક્ષામાં ૧,૩૧,૯૦૧ ઉમેદવારો ઉપસ્થિત થનાર છે. ૬૨૩ પરીક્ષા સ્થળોનો ઉપયોગ થશે અને ૬૧૯૨ પરીક્ષાખંડોમાં પરીક્ષા યોજાશે.

કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં લેવાનાર પરીક્ષાના સંદર્ભે શિક્ષણ અગ્રસચિવ દ્વારા જિલ્લા કલેકટરશ્રીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરીને જરુરી સાવચેતી રાખવા સૂચનાઓ આપવામા આવેલ છે. પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળો પર વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે રાખવાની થતી તકેદારીઓ જેવી કે સોશિયલ ડિસ્ટન્સ, સેનીટાઈઝેશનની સુવિધા, થર્મલ ગનથી ટેમ્પરેચર, રૂમના બારી બારણા ખુલ્લા રાખવા, માસ્ક ફરજીયાત પહેરીને જ પરીક્ષા સ્થળ પર પ્રવેશ તેમજ પરીક્ષાખંડમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે રીતે ઝીગઝેગ પ્રકારે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ઉપરોકત તમામ વ્યવસ્થાઓની ચકાસણી માટે ઓબ્ઝર્વરની નિયુકિત તેમજ કોવિડ-૧૯ માટેના મોનીટરીંગ સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવનાર છે.

જિલ્લા કક્ષાએ પરીક્ષા સ્થળો પર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે માટે સંબંધિત પોલીસ કમશ્નિરને તથા જિલ્લા પોલિસ વડાઓને જાણ કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલીટી તેમજ જિલ્લા આરોગ્ય તંત્રની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ પરીક્ષાના સંદર્ભે તકેદારી માટે જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે સંકલન જાળવવા અને સહકાર આપવા જણાવેલ છે.

## બોરીજ ગામે ૨૩મીથી પાંચ દિવસના અણુજા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં. ૨માં સમાવિષ્ટ ગામ-બોરીજ ખાતે વિક્રમ સંવત ૨૦૭૬ના ભાદરવા સુદ પાંચમને રવિવાર તા. ૨૩-૮-૨૦૨૦થી ભાદરવા સુદ નોમને ગરુવાર તા. ૨૭-૩-૨૦૨૦ સુધી બળિયાદેવ મહારાજના પાંચ દિવસના અણુજા પડશે, જેની સમસ્ત બોરીજ ગ્રામજનોએ નોંધ લેવા વોર્ડના કાઉન્સીલર લલિતાબેન ઠાકોરે જણાવ્યું છે.

# નાદરી ગામે ખેતરમાં જુગાર રમતા ૫ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાદરી ગામે ખુલ્લા ખેતરમાં જુગાર રમી રહેલા જુગારીઓ પર ગાંધીનગર એલસીબી પોલીસ ત્રાટકી હતી. પોલીસે જુગાર રમી રહેલા ૫ શકુનીઓને રૂ.૧૮,૧૦૦ રોકડ અને રૂ.૬૫૦૦ ના ૪ મોબાઈલ મળીને કુલ રૂ.૨૪,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વાય.વાય.ચૌહાણ અને ટીમના સભ્યો તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે સાથે રહેલા અનોપસિંહ અને જીજ્ઞેશકુમારને બાતમી મળી હતી કે નાદરી ગામની સીમમાં ખેતરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગાર રમી રહેલા રાજેશ ચિમનલાલ બારોટ ઉં.૪૯ નાદરી ગામ, રાજેશકુમાર ઉર્ફે રાજુ અમરાજી ઠાકોર ઉં.૩૫ રહે.બ્રહમાણી વાસ આમજા, વિપુલ સુરેશ બારોટ ઉં.૩૯ રહે. બારોટવાસ નાદરી, અશોકજી કડવાજી બારોટ ઉં.૩૦ બ્રહમાણી વાસ આમજા, હીરેન ભરત બારોટ (ઉં.૩૨ નાદરી ગામ), ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૮,૧૦૦ તેમજ મોબાઈલ નંગ-૪ કિ.૬૫૦૦ મળી કુલ રૂ.૨૪,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



શ્રાવણ માસ પૂર્ણ થયો છે ત્યારે નગરના અનેક પરિવારોએ કુંવારિકાઓનું પૂજન કરી સોશ્યલ ડિસ્ટન્સિંગ સાથે ભોજન કરાવી ધન્યતા અનુભવી હતી.

# છત્રાલ-કડી માર્ગ પર ટેમ્પામાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

## એલસીબી પોલીસે દારૂ-બિયર અને ટેમ્પો મળી કુલ રૂ.૪,૫૬,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૦

છત્રાલ થી કડી તરફ જતા માર્ગ પરથી પસાર થતા એક ટેમ્પાને રોકી તેમાંથી દારૂ-બિયરના મળી કુલ નંગ ૧૧૨૮ કિ.૧,૫૬,૦૦૦ તેમજ ટેમ્પો સહિત કુલ રૂ. ૪,૫૬,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી એલસીબી પોલીસે ટેમ્પો ચાલક અને માલ મોકલનારને શોધવા માટે વધુ તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ અને તેમની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા પોલીસ કોન્સ્ટેબલ રાજવિરસિંહ અને વિજયસિંહને બાતમી મળી હતી કે એક ટાટા ઈન્ટ્રા ટેમ્પો ગાડી નં.જી.જે. ૩૮.ટી.૩૭૪૭ વિદેશી દારૂ ભરેલો છે. જે ટાટા ટેમ્પો મહેસાણા થી કડી જવા નિકળેલા છે અને નંદાસણ પાસ કરેલ છે. જેથી બાતમીને પગલે પોલીસ ટીમ છત્રાલ કડી માર્ગ પર આવેલ ગોલ્ડન એસ્ટેટની સામે વોચમાં ગોઠવાઈ જઈને માર્ગ પર આડશ ઉભી કરી છત્રાલ તરફથી આવતા વાહનો ચેક કરતા હતા, તે સમયે ટેમ્પો ચાલકે દુર પોલીસને જોઈને ટેમ્પો મુકીને નાસી છુટ્યો હતો. પોલીસે ટેમ્પો નં.જી.જે.૩૮.ટી.૩૭૪૭ ની અંદર તપાસ કરતા વિવિધ બ્રાન્ડની વિદેસી દારૂની કુલ બોટલ નંગ-૯૮૪ કુલ કિ. ૧,૪૧,૬૦૦ તેમજ બિયરના ટીન નંગ ૧૪૪ કિં.૧૪,૪૦૦ તેમજ ટાટા ટેમ્પો ગાડી કિં. ૩ લાખ મળીને કુલ રૂ. ૪,૫૬,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ખ-૫ સર્કલ પાસે કાર ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારી

## બાઈક ચાલકની પત્નીને ખભાના ભાગે તેમજ ૧૦ વર્ષના પુત્રને માથાના ભાગે ઈજા પહોંચી હોવાથી હેમરેજનું નિદાન

ગાંધીનગર, તા.૨૦

શહેરના ખ-૫ સર્કલ પાસે કાર ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારતા બાઈક પર સવાર પરિવાર માર્ગ પર પટકાયું હતું. જેમાં બાઈક ચાલકની પત્ની અને બાળકને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા.જયારે કાર ચાલક અકસ્માત કરી ભાગી ગયો હતો. બનાવ અંગે બાઈક ચાલકની ફરીયાદને લઈ પોલીસે કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ વાવોલ ગામે રહેતા અને કડી સ્કુલના શિક્ષક રાજેન્દ્રસિંહ ગજુભા ગોહિલ બુધવારના રોજ બપોરના સુમારે પત્ની અને બાળક સાથે બાઈક પર સેકટર-૨૨ તરફ જવા નીકળ્યા હતા. તેઓ વાવોલથી ક માર્ગ પરથી ક-૫ થઈને ખ-૫ તરફ આગળ ગયા હતા. તે સમયે ખ-૬ તરફથી આવી રહેલી કારના ચાલકે કાર પુરઝડપે ગફલતભરી રીતે હંકારી બાઈકને પાછળના ભાગે ટક્કર મારતા પતિ-પત્નિ અને બાળક માર્ગ પર પટકાયા હતા.અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે કાર ચાલક અકસ્માત બાદ ભાગી ગયો હતો. ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા ત્તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં સારવાર બાદ ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયાં બાઈક ચાલકની પત્નીને ખભાના ભાગે તેમજ ૧૦ વર્ષના પુત્રને માથાના ભાગે ઈજા પહોંચી હોવાથી હેમરેજનું નિદાન થયું છે. બનાવ અંગે બાઈક ચાલકની ફરીયાદ નોંધી પોલીસે તપાસ શરુ કરી છે.

### ચિરવિદાય

- સ્વ. નવીનચંદ્ર વિઠ્ઠલદાસ ગજ્જર, ઉ.વ. ૬૭, મુ. ઉવારસદ, ગાંધીનગર
- સ્વ. પટેલ શારદાબેન જેઠાભાઈ, ઉ.વ. ૬૫, મહેસાણા, જી. મહેસાણા